# સાંતેજ ગીરનારી આશ્રમ પાછળ યુવકની હત્યાનો ભેદ ઉકેલાયો

## યુવતિને પણ કેનાલમાં ફેંકી દીધી હતી, દારુની મહેફીલ સમયે માથાકુટ થઈ હતી, એલસીબી પોલીસે યુવકને પકડી પાડી ગુનાનો ભેદ ઉકેલી દીધો

ગાંધીનગર, તા.૭

કલોલના સાંતેજ વિસ્તારમાં આવેલા ગીરનારી આશ્રમના પાછળના ભાગે સંજય નામના વ્યકિતનની ગળાના ભાગે ચપ્પાનો ઘા મારી હત્યા કરનાર આરોપીને સાંતેજ ચોકડી નજકથી એલસીબી પોલીસે દબોચી લીધો છે. આ



ઉપરાંત એક યુવતીને કેનાલમાં ફેંકી જાનથી મારી નાંખી હોવાની કબુલાત કરતા પોલીસે આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સાંતેજ પોલીસ મથક વિસ્તારમાં ગત તા. ૫.૧૦.૨૦ના રોજ કોઈ અજાણ્યા શખ્સો સંજયસિંહ ઉર્ફે કાળુ લક્ષ્મણસિંહ (ઉં.૩૩, રહે.રામપીરના મંદિર ગીરનારી આશ્રમ પાછળ સાંતેજ તા કલોલ) ને કોઈ ધારદાર હથીયાર વડે ગળાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવ્યું હતું. બનાવ અંગે તા.૬-૧૦-૨૦ ના રોજ સાંતેજના અંબારામ મેરાંજી ઠાકોરે ફરીયાદ નોંધાવી હતી. આ ગુનાનો ભેદ ઉકેલવા માટે ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસવડા મયુર ચાવડાએ જરુરી સુચનાઓ આપી હતી. જેને પગલે એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો કામે લાગી હતી. જયારે બીજી બાજુ વૈજ્ઞાનિક અને ટેકનીકલ ઢબે તપાસ શરુ કરી મૃતકની જરુરી વિગતો એકઠી કરી તપાસ શરુ કરી હતી. ત્યારે ગતરોજ એલસીબી પીએસઆઈ વી.કે.રાઠોડ અને ટીમના સભ્યો સાંતેજ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે સમયે પોલીસને બાતમી મળી હતી કે સાંતેજના હત્યાના આ ગુનામાં જીગર ઉર્ફે જીગો પોપટજી ઠાકોર (રહે.સાંતેજ) સંડોવાયેલ છે અને હાલ તે સાંતેજ ચોકડી પાસે ઉભો છે. જેથી બાતમીવાળી જગ્યા પરથી જીગર ઉર્ફે જીગો પોપટજી અહેમદજી ઠાકોર (ઉં.૨૧ રહે.સાંતેજ રાજનગર તા.કલોલ) ને કચેરીએ લાવી સંજય નામના વ્યકિતના ખુન સંબંધિત પુછપરછ કરવામાં આવતા તે ભાંગી પડ્યો હતો અને સંજયસિંહનું ખુન કર્યુ હોવાની કબુલાત કરી હતી.

સંજય રામપીરના મંદિરમાં ખીચડીનો પ્રસાદ બનાવતો હતો અને તે કાલુ બિહારી સંજય તરીકે ઓળખાતો હતો. જયારે સંજય દારૂ પીવાની ટેવવાળો હોવાનું તે જાણતો હતો. જેથી અવાર-નવાર બંન્ને દારૂ પીવા જતો હતો. તે દિવસે બપોરના સમયે કાલુ આશ્રમથી બોટલ ભરીને જતો હતો. તે સમયે પોતાની રીક્ષામાં બેસાડી દારૂ પીવાના બહાને ગીરનારી આશ્રમ પાછળના ભાગે અવાવરૂ જગ્યાએ લઈ ગયો હતો અને ત્યાં બંને એ દારૂ પીધો હતો. તે સમયે સંજય નશામાં આવી જતા તેમની વચ્ચે દારુ અંગે રકઝક થઈ હતી. જેથી આ તકનો લાભ લઈ સંજયના ગળાના ભાગે ઘસરકો કરી દીધો હતો અને ચપ્પુ નજીકમાં ફેંકી દઈ સંજયને પણ ત્યાં છોડી દઈ પકડાઈ ન જવાય તે માટે પોતાની રીક્ષા લઈ નાસી ગયો હોવાનું જણાવ્યું હતું.

જયારે જીગર ઉર્ફે જીગો પોપટજી અહેમદજી ઠાકોરની વધુ પુછપરછ કરતા તેણે અન્ય એક યુવતિ સાથે તેની મિત્રતા હતી. તેનું પણ ખુન કર્યાનુ તેણે કબુલાત કરી હતી. યુવતિની માનસિક સ્થિતિ સારી ન હોવાથી જીગર દારૂ પીને એકલતા વાળી જગ્યાએ લઈ જઈ તેનો લાભ લેતો હતો.લોક ડાઉનના પંદર દિવસ પહેલા યુવતિને રીક્ષામાં બેસાડી કેનાલ પર લઈ ગયો હતો. જીગર દારૂના નશામાં હોવાથી બંન્ને વચ્ચે રકઝક થઈ હતી. જેથી યુવતિ રીક્ષામાંથી નીચે ઉતરી દોડવા લાગતા જીગરે છુટ્ટો પથ્થર મારતા તે પડી ગઈ હતી. યુવતિ ભાનમાં હોવા છતા તેને કેનાલના પાણીમાં નાંખી દીધી હતી.ત્યારબાદ તે રીક્ષા લઈ નીકળી ગયો હતો. પોલીસે મૃતક યુવતીના મૃતદેહ અંગે ખાતરી કરતા તે મૃતદેહ બોપલ વિસ્તારમાંથી વણઓળખાયેલા મૃતદેહ તરીકે મળી આવ્યો હતો. જયારે જીગર ઠાકોરે બંન્ને ખુન કર્યા હોવાની કબુલાત કરતા તેની સામે કાયદેસરની કાર્યવાહી શરુ કરવામાં આવી છે.





## સે-૨૪ હરસિધ્ધનગર ખાતે અંબાજી મંદિરે ધ્વજારોહણ

ગાંધીનગર સેક્ટર-૨૪ હરસિધ્ધનગર વસાહત ખાતે આવેલા અંબાજી મંદિરના શિખર નવરાત્રિના પ્રથમ દિવસે અને શુભ મૂહૂર્તમાં નવી ધજા ચડાવવામાં આવી હતી. આ પ્રસંગે વસાહતીઓ ઉમળકાભેર ઉપસ્થિત રહ્યા હતા. ડીજેના સુર તાલ સાથે ધજાની શોભા યાત્રા સેક્ટરમાં ફરી હતી જેમાં મહિલાઓ બાળકો તથા ભાવિક ભક્તો ગરબે ઘૂમ્યા હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે પણ નવરાત્રિમાં ધજા ચડાવવા માટેની ઉછામણી બોલાઈ હતી, આ ઉછામણીમાં છે જે ભાવિક ભક્તો વધારે ઉછામણી બોલે છે, તેના ઘરેથી ધજાની શોભાયાત્રા અંબાજી મંદિર ખાતે લાવવામાં આવે છે અને મંદિરના શિખર પર નવી ધજા ચઢાવવામાં આવે છે.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે શાળા એક્રેડિટેશન માટે પ્રશિક્ષણ વર્ગ યોજાયો

ગાંધીનગર, તા.૭

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના એક્રેડિટેશન વિભાગ દ્વારા ગુજરાત રાજયની કુલ ૧૮ શાળાઓના એક્રેડિટેશનની પ્રક્રિયા માટે પાંચમી ઑક્ટોબરના રોજ એક દિવસીય પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ગુજરાત રાજયના વિવિધ જિલ્લાઓ જેવા કે વડોદરા, કચ્છ, મહેસાણા, રાજકોટ, ખેડા, નવસારી વગેરેમાંથી ઉપસ્થિત રહેલા ૧૫ પ્રતિનિધિઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યું. આ પ્રસંગે અધ્યક્ષ તરીકે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહે યુનિવર્સિટીની કાર્યપ્રણાલી અંગે વિગતે પરિચય આપ્યો. ત્યારબાદ વિભાગના અધ્યક્ષ પ્રો. સંજય ગુપ્તાએ શાળા એક્રેડિટેશન માટેની પ્રક્રિયા અંગે વિગતે ચર્ચા કરી. ડો.અશ્વિન એલ. નિસરતાએ શાળા એક્રેડિટેશન માટેના જુદાં-જુદાં પાસાઓની એક્રેડિટેશનની પ્રક્રિયાના સંદર્ભમાં વિગતે ચર્ચા કરી હતી.

# અખિલ ભારતીય એથ્લેટીક્સ મીટમાં ગુજરાત સરકારના કર્મચારીઓ ઝળક્યા

## ૨૦૦ મીટર વુમન વેટનર્સ દોડમાં પારૂલબેન નિનામાને સુવર્ણ ચંદ્રક અને ચક્રફેકમાં દર્શનાબેન પટેલને રજત ચંદ્રક

ગાંધીનગર, તા.૮

ભારત સરકારના પર્સોનલ, ગ્રીવીયન્સ અને પેન્શનર્સ મંત્રાલય દ્વારા પ્રતિવર્ષ અખિલ ભારતીય એથ્લેટીક્સ મીટ યોજવામાં આવે છે. આ વર્ષે કર્નાલના હરિયાણા ખાતે તા.૨૮મી સપ્ટેમ્બરથી તા.૩૦મી સપ્ટેમ્બર દરમિયાન યોજાવામાં આવી હતી. આ સ્પર્ધામાં ગાંધીનગર ખાતેની સામાન્ય વહીવટ વિભાગની કલ્યાણ સમિતિ દ્વારા પસંદગી પામેલા ગુજરાત સેક્રેટરીએટની ટીમે ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ૨૦૦ મીટર વુમન વેટનર્સ દોડમાં ખેડા જિલ્લામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા પારૂલબેન નિનામાએ પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો.

આ ઉપરાંત વુમન





વેટનર્સની ચક્ર ફેંક રમતમાં અમદાવાદના શિક્ષિકા દર્શનાબેન પટેલે દ્વિતીય સ્થાન સાથે સિલ્વર મેડલ પ્રાપ્ત કરી ગુજરાત રાજ્યનું નામ રોશન કર્યુ છે. ગુજરાત તરફથી વિવિધ ટીમોના સંકલન અને અન્ય સઘન જવાબદારી ટીમના મેનેજર તરીકે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઉપસચિવ બિપીન જાદવ અને આસી.મેનેજર તરીકે સુરેન્દ્રનગરના શિક્ષક કેતન પટેલે સેવા આપી હતી.

## NSQF કક્ષાના શોર્ટ ટર્મ કોર્ષમાં પ્રવેશ પ્રક્રિયા ચાલુ : વહેલા તે પહેલા ધોરણે પ્રવેશ અપાશે

આટીઆઈ ગાંધીનગર ખાતે Nation Skill Qualification Framework-NSQF કક્ષાના અને ઔધોગિક જરૂરીયાત આધારિત ટૂંકા ગાળાના કોર્ષ શરૂ કરવામાં આવ્યા છે. આઈટીઆઈમાં શરૂ કરાયેલ ટૂંકા ગાળાના કોર્ષમાં કોમર્સ અથવા સંલગ્ન વિષયમાં સ્નાતક માટે ૧૦૦ કલાકના સમયગાળાનો Goods and Service Tax (GST), Accounts Assistant, ધોરણ ૧૨ પાસ માટે ૨૦૦ કલાકનો Mutual Fund Agent તેમજ ITI માટે ૩૬૦ કલાકનો Smart Phone Repair Technician નો સમાવેશ થાય છે. સેક્ટર-૧૫ ખાતેની આઈટીઆઈમાં શરૂ કરાયેલ આ ટૂંકા ગાળાના કોર્ષમાં પ્રવેશ ઉમેદવારોએ વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી લેવો.

## કોંગ્રેસના આદિવાસી ડિપાર્ટમેન્ટમાં મંત્રી તરીકે વિનોદભાઈ મેણાત

ગાંધીનગર, તા.૭

ગુજરાતના આદિવાસી જીલ્લાઓ, તાલુકાઓમાં અને



શહેરી વિસ્તારોમાં કોંગ્રેસનું સંગઠન અને કોંગ્રેસની વિચારધારા જળવાઈ રહે તેવા આશયથી આદિવાસી કોંગ્રેસ ડીપાર્ટમેન્ટના ચેરમેન ડો.અનિલ જોષીયારાની સુચના અનુસાર ગાંધીનગરના વિનોદભાઈ મેણાતને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ આદિવાસી કોંગ્રેસ ડિપાર્ટમેન્ટમાં મંત્રી તરીકે નિમણુંક આપવામાં આવી છે.

# પનઘટ કલા કેન્દ્ર ઉજવશે આરાધના પર્વ, નવલી નવરાતનાં નવ દિવસ સેવા કાર્યોથી 'મા'ની આરાધના

ગાંધીનગર, તા.૭

પનઘટ કલા કેન્દ્ર દ્વારા નવરાત્રિ પર્વની ઉજવણી અનેક સેવાકાર્યોથી કરવામાં આવશે. પનઘટ કલા કેન્દ્રના પ્રમુખ ભાવિન પટેલ દ્વારા માતાજીની આરાધનામાં નવલી નવરાતનાં નવ દિવસ સેવા કાર્યોથી કરવામાં આવનાર છે જેમાં નવરાત્રિ પર્વને આરાધના પર્વ તરીકે ઉજવવાનું આયોજન કર્યુ છે.

પનઘટ કલા કેન્દ્ર દ્વારા દર વર્ષે ગરબા કલાસ કરાવવામાં આવે છે. જેમાં રાષ્ટ્રીય કક્ષાએ પણ ગરબા ગ્રુપ દ્વારા પરફોર્મન્સ આપવામાં આવેલ છે. ગાંધીનગરનું પ્રખ્યાત પનઘટ કલા કેન્દ્ર આ વર્ષે વિશેષ સ્વરૂપે નવરાત્રિના નવ દિવસ સેવા કાર્યોથી 'મા'ની આરાધના કરશે. જેમાં પહેલા નોરતાએ કન્યાઓને ભોજન કરાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. બીજા નોરતે દરિદ્રનારાયણને ભોજન કરાવવાનું આયોજન છે. ત્રીજા નોરતે રોજગાર આપવાના હેતુથી સિલાઈ મશીનની સહાય કરવાનું આયોજન છે. ચોથા નોરતે મધ્યમ વર્ગની જરૂરિયાતમંદ દીકરીઓને શિક્ષણ સહાય આપવામાં આવશે. પાંચમાં નોરતે જરૂરિયાતમંદ કલાકાર પરિવારને સહાય આપવામાં આવશે. છઠ્ઠા નોરતે સખી મંડળની બહેનો દ્વારા તૈયાર કરેલ વસ્તુ વેચવા માટેનું માધ્યમ પુરું પાડવામાં આવશે. સાતમા નોરતે સરકારી શાળામાં રમત ગમત અને સંગીતનાં સાધનોની સહાય કરવામાં આવશે અને આઠમા નોરતે બાળકોને સાયકલનું વિતરણ કરવામાં આવશે.

નવરાત્રિ પર્વ નિમિત્તે માતાજીની સેવા માટે ભકતો દ્વારા દાન-પુણ્ય ઉપવાસ-આરાધના કરવામાં આવે છે. જે પૈકી પનઘટ કલા કેન્દ્ર તરફથી આ વર્ષે નવેનવ નોરતાએ વિવિધ સેવા કાર્યો દ્વારા માતાજીના આરાધના પર્વની ઉજવણી કરવાનું આયોજન છે.

# વોર્ડ નં.૭માં ભાજપના ભવ્ય વિજયના સાચા શિલ્પી અંબુસિંહ ગોલ

## કોલવડા-વાવોલમાં કોંગ્રેસની પરંપરાગત વોટબેંકને સેવાકીય પ્રવૃતિઓ અને સ્થાનિક સમસ્યાઓ ઉકેલવાની રણનીતિ સાથે કોંગ્રેસના ગઢને ધ્વસ્ત કર્યો

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીઓમાં ભાજપના જવલંત વિજયે ઈતિહાસ સર્જ્યો છે. એક તબક્કે રાજકીય પંડિતો પણ દરેક વોર્ડમાં પેનલ તુટશે તેવી આગાહી કરી રહ્યાં હતા તેની સામે ભાજપે બે કે ત્રણ નહીં પરંતુ આઠ આઠ વોર્ડમાં પેનલ જાળવીને સૌની બોલતી બંધ કરી દીધી છે. ભાજપે અનેક એવા વોર્ડમાં પેનલ જીતાડી બતાવી છે જે અગાઉ કોંગ્રેસનો ગઢ કહેવાતા હતા જે પૈકી એક વોર્ડ નં. ૭નો સમાવેશ થાય છે. આ વોર્ડમાં ભાજપની પેનલના વિજયના ખરા શિલ્પી અંબુસિંહ ગોલ સાબિત થયાં છે જેમની ઉંડી રાજકીય કોઠાસુઝ અને ચાણક્ય જેવી રણનીતિએ કોંગ્રેસના સૌથી મજબૂત મહારથી ગણાતા દેવેન્દ્રસિંહ ગોલ સહિતના ઉમેદવારોને મ્હાત આપવામાં સફળતા મેળવી છે. ગાંધીનગર મહાનગર પાલિકામાં સમાવેશ પામ્યાં અગાઉથી જ વાવોલ અને કોલવડા પરંપરાગત રીતે કોંગ્રેસના ગઢ ગણાય છે અને ગત વિધાનસભા બેઠકમાં ભાજપના ઉમેદવાર અશોકભાઈ પટેલ કોલવડાના હોવા છતાં તેમને અહીં તેમને ઓછા મત પ્રાપ્ત થતાં તેમની હાર થઈ હતી. મનપામાં સમાવેશ બાદ વોર્ડના સીમાંકનમાં વાવોલ અને કોલવડાને સાથે વોર્ડ નં.૭માં રખાતાં કોંગ્રેસ રાજી થયું હતું પરંતુ ભાજપે ઉંડા મનોમંથન બાદ આશરે ૩૫ જેટલાં દાવેદારો પૈકી મૂળ વાવોલના કમલાપૂંજ ચેરીટેબલ ટ્રસ્ટ થકી વાવોલના નિરાધાર વડીલો માટે વિના મૂલ્યે ટીફીન સેવા સહિતના વિવિધ સેવાકાર્યોની સુવાસ થકી જિલ્લાભરમાં જાણીતા સેવાભાવી ગોલ પરિવારના સભ્ય પ્રેમલસિંહને લીડીંગ ઉમેદવાર તરીકે પસંદ કરવાનો નિર્ણય લેતાં ગામમાં આનંદ પ્રસર્યો હતો. આ નિર્ણયને યોગ્ય સાબિત કરવાનો પડકાર પ્રેમલસિંહ ગોલના મોટાભાઈ અંબુસિંહ ગોલે સમગ્રપ્રચાર કેમ્પેઈન પોતાના હસ્તક લઈને ઉપાડી લીધો અને વાવોલ-કોલવડા સહિતના પોતાના તમામ રાજકીય, સામાજિક, ધાર્મિક અને વ્યવસાયિક સંબંધોને કામે લગાડી મોરચો માંડ્યો હતો.

### હત્યા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રીનગરના ઈદગાહ સંગમ વિસ્તારમાં આતંકવાદીઓ શાળામાં ઘુસી ગયા અને પ્રિન્સિપલ સતિન્દર કૌર અને શિક્ષક દીપક ચાંદની ગોળી મારીને હત્યા કરી. બંને બાકીના સ્ટાફ સાથે શાળા પરિસરની બહાર બેઠા હતા. ત્યારે જ અચાનક સશસ્ત્ર આતંકવાદીઓ આવ્યા. એક પછી એક શિક્ષકોએ તેમના નામ પૂછ્યા જે બાદ સતીન્દર કૌર અને દીપક ચંદને અલગ કર્યા અને તેમની હત્યા કરી નાખી હતી. હકીકતમાં ૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ જમ્મુ અને કાશ્મીરનો વિશેષ દરજ્જો રદ થયા બાદ સુરક્ષા દળો પર આતંકવાદી હુમલાની ઘટનાઓ ઘટી છે પરંતુ નાગરિકો પર આતંકવાદી હુમલાઓ વધ્યા છે. બિન-કાશ્મીરી મજૂરોની હત્યાથી શરૂ થયેલો આ આતંકનો ખેલ ભાજપના નેતાઓ, સરપંચો અને છેલ્લે હવે ફરી એકવાર કાશ્મીરી પંડિતોને લક્ષ્ય કરીને હત્યા કરવા સુધી પહોંચ્યો છે.

છેલ્લા ૫ દિવસમાં જ આતંકવાદીઓ દ્વારા ૭ નાગરિકોને ટાર્ગેટ કરીને મારી નાખવામાં આવ્યા છે. બે દિવસ પહેલા મંગળવારે આતંકવાદીઓએ શ્રીનગરના જાણીતા ફાર્માસિસ્ટ માખન લાલ બિન્દ્રુની તેમની દુકાનમાં ગોળી મારીને હત્યા કરી હતી. ૯૦ ના દાયકામાં કાશ્મીરી પંડિતોના સામૂહિક હિજરત બાદ પણ બિન્દ્રુએ શ્રીનગર છોડ્યું ન હતું. મંગળવારે જ આતંકવાદીઓએ બિહારના વિરેન્દ્ર પાસવાન કે જેઓ રેકડી ચલાવીને ગુજરાન ચલાવતા હતાં અને બાંદીપોરા ટેક્સી એસોસિએશનના પ્રમુખ મોહમ્મદ શફી લોનની પણ હત્યા કરી હતી. ધ રેઝિસ્ટન્સ ફોર્સ દ્વારા ત્રણેય હત્યાઓની જવાબદારી સ્વીકારવામાં આવી છે, જે પાકિસ્તાની આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાનો નવો મોરચો માનવામાં આવે છે. નાગરિકો અને ખાસ કરીને હિન્દુઓ અને શીખોની ટાર્ગેટ કરીને હત્યા દ્વારા આતંકવાદીઓ ૯૦ ના દાયકાની જેમ જમ્મુ -કાશ્મીરમાં રહેતા લઘુમતીઓમાં ગભરાટ ફેલાવવા માગે છે.

### ભૂકંપ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રાંતીય સરકારના એક વરિષ્ઠ અધિકારી સુહેલ અનવર હાશમીએ જણાવ્યું કે, છત અને દીવાલો પડવાથી અનેક લોકોનાં મોત થયા છે. મરનારાઓમાં એક મહિલા અને ૬ બાળકો પણ સામેલ છે. લોકોની મદદ અને બચાવ કાર્ય માટે ક્વેટાથી ભારે મશીનરી રવાના કરી દેવામાં આવી છે. હાલ ઘાયલ લોકોને હરનઈની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. પાકિસ્તાની મીડિયાથી આવી રહેલા ફૂટેજ મુજબ, હરનઈની હોસ્પિટલોમાં વીજળી નથી. ત્યાં ઘાયલ લોકોના પરિજનો મોબાઈલ ટોર્ચના પ્રકાશથી સારવાર કરાવી રહ્યા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, ભૂકંપની અસર અનેક જિલ્લાઓમાં છે, એવામાં ઘાયલોનો ચોક્કસ સંખ્યા જણાવવી શક્ય નથી. ભૂકંપ બાદ સોશિયલ મીડિયા પર અનેક તસવીરો સામે આવી છે. લોકો ભૂકંપના આંચકા બાદ રસ્તાઓ પર જોવા મળી રહ્યા છે. પાકિસ્તાનમાં ભૂકંપના આંચકા બાદ રાહત અને બચાવ અભિયાન શરૂ કરી દેવામાં આવ્યું છે. બલૂચિસ્તાનના ક્વેટા જિલ્લાના હરનઈ વિસ્તારમાં વહેલી સવારે ૩.૩૦ વાગે ભૂકંપનો ઝટકો મહેસૂસ થયો. નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજીના જણાવ્યાં મુજબ રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૫.૯ માપવામાં આવી. ભૂકંપની તીવ્રતા ખુબ વધુ હતી અને અનેક મકાનોને નુકસાન પહોંચ્યુ છે. આ ઉપરાંત આસપાસના અનેક જિલ્લાઓમાં પણ નુકસાન થયું છે. પૃથ્વીની અંદર ૭ પ્લેટ્સ છે. જે સતત ઘૂમતી રહે છે. જ્યાં આ પ્લેટ્સ વધુ ટકરાય છે તે ઝોન ફોલ્ટ લાઈન કહેવાય છે. વારંવાર ટકરાવવાથી પ્લેટ્સના કોણે વળે છે. જ્યારે વધુ દબાણ બને તો પ્લેટ્સ તૂટવા લાગે છે અને નીચેની એનર્જી બહાર આવવાનો રસ્તો શોધે છે. ત્યારબાદ આ ડિસ્ટર્બન્સ પછી ભૂકંપ આવે છે.

### વાદળોનું વિઘ્ન...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રોજબરોજ આકાશમાં ઘેરાતા વરસાદી વાદળો ગમે ત્યારે ઝાપટુ વરસાવી જતા શેરી ગરબાના રંગમાં ભંગ પડે તેવી સંભાવના છે. કોરોના અને વરસાદના વિઘ્ન વચ્ચે સેકટરોમાં શેરી ગરબાની ઉજવણીનો રંગ જામતો નથી. શેરી ગરબાના આયોજન માટે પોલીસ તંત્રને અંદાજિત ૭૦ જેટલી અરજીઓ મળી છે. ત્યારે કોરોનાની ગાઈડલાઈનના અમલ સાથે સેકટરોમાં શેરી ગરબાનુ આયોજન કરવામાં આવ્યુ છે. પરંતુ વરસાદી વાદળોના ઘેરાવ વચ્ચે ગરબાના આયોજકો હજુ મુંઝવણમાં છે. છેલ્લા કેટલાક વર્ષોથી નવરાત્રિ મહોત્સવમાં કવેળાની વરસાદની એન્ટ્રી ગરબાના રંગમાં ભંગ પાડે છે. ત્યારે શેરી ગરબાના આયોજકો પણ મુંઝવણ અનુભવી રહ્યા છે. સરકારે આપેલી છુટછાટના અંતે સેકટરોની શેરીઓમાં ચપટી , તાળી અને ઠેસના શેરી ગરબાની રમઝટ જોવા મળશે પરંતુ કોરોનાના નિયંત્રણો અને વરસાદી વિઘ્નના લીધે શેરી ગરબાની ઉજવણીનો રંગ જામશે નહી તેમ પણ મનાઈ રહ્યુ છે.

### એમઆરઆઈ મશીન...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એમઆરઆઈ સ્કેનીંગ માટે અમદાવાદ સુધી લાંબા ન થવુ પડે તે માટે એમ આર આઈ મશીન કાર્યરત કરવાનો નિર્ણય લેવાયો હતો. જેના અંતે કલ્પતરૂ કક્ષાએથી સી એસ આર નિતી હેઠળ આરોગ્ય કેન્દ્રમાં એમ આર આઈ કેન્દ્રનુ નિર્માણ કર્યુ છે. આરોગ્ય કેન્દ્રમાં એમ આર આઈ મશીન પણ દર્દીઓની સેવા માટે ઉપલબ્ધ કરાયુ છે. અંદાજિત ૫.૫૨ કરોડના ખર્ચે આ મશીન ખરીદવામાં આવ્યુ છે. આ મશીન ૯૬ ચેનલથી સુસજ્જ છે તેમજ અદ્યતન આ ૧.૫ ટેસ્લા સંપુર્ણ ઓટોમેટીક એમ આર આઈ મશીનના આધારે ગુણવત્તાસભર અને ઝડપી કામગીરી થશે. આ મશીનની ૫ સ્ટાન્ડર્ડ ડોટ એન્જિન સહીતની વિશેષતાના લીધે મગજ, કરોડરજ્જુ ,ઘુંટણ, ખભા, હિપ્સ અને સંપુર્ણ શરીરના અલ્ટ્રા એમ આર આઈ પરિણામ આપવામાં મદદ કરે છે. જેના લીધે સંબંધિત રોગોનુ અસરકારક નિદાન થાય છે. આ ઉપરાંત બાળકો તેમજ વૃધ્ધોને એમ આર આઈ ટેસ્ટીંગ દરમિયાન થતા અવાજના લીધે ભય અને ચિંતા થતી હોય છે. પરંતુ આ અદ્યતન મશીનના લીધે સ્કેનીંગ સાઉન્ડ ૯૭ ટકા સુધી ઘટી જાય છે. સાયલન્ટ સ્કેનીંગ પણ આ મશીનની એક વિશેષતા છે. જયારે ઓટોમેટીક અને અદ્યતન મશીનના આધારે માત્ર ૧૦ મિનિટથી પણ ઓછા સમયમાં મગજ , કરોડરજ્જુ સહીતનો એમ આર આઈ કરવા માટે સંપુર્ણ સક્ષમ છે. જયારે ગંભીર અકસ્માતના દર્દીઓ એમ આર આઈ માટે સ્થિર રહી શકતા નથી તેવા કિસ્સામાં આ મશીન ઘણુ મદદરૂપ બને છે. મશીનની અદ્યતન ટેકનોલોજીની મદદથી શરીરની અંદર લગાવેલા ઈમ્પ્લાન્ટની પણ સ્પષ્ટ તપાસ અને સ્કેનીંગ કરવામાં મદદરૂપ થાય છે. દર્દીઓને રાહત દરે એમ આર આઈ મશીનની સેવા ઉપલબ્ધ થશે.આ મશીનના ઉપયોગ સામે વિજળીની ખપત પણ ઓછી થાય છે. કલ્પ સેવા આરોગ્ય કેન્દ્રમાં તા ૯ ઓકટોબરના રોજ આ મશીનનુ ઉદઘાટન કરાશે. આ તબક્કે કલ્પતરૂ ગૃપના ચેરમેન મોફતરાજ પી મુનોત , આરોગ્ય વિભાગના અગ્ર સચિવ મનોજ અગ્રવાત ગાંધીનગરના અગ્રણી કૃષ્ણકાન્ત જહા સહીત કલ્પતરૂ પાવરના અધિકારીઓ તેમજ તબીબો પણ હાજરી આપશે.

# માણસા જનરલ હોસ્પિટલ ખાતે પી.એસ.એ. ઓક્સિજન પ્લાન્ટનું ઈ-લોકાર્પણ કરાયું

ગાંધીનગર, તા. ૭

સમગ્ર દેશમાં પી.એમ. કેરમાંથી નિર્માણ કરવામાં




આવેલા પી.એસ.એ. પ્લાન્ટનું ઈ-લોકાર્પણ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરાયુ હતુ. માણસાની જનરલ હોસ્પિટલ ખાતે નિર્માણ કરવામાં આવેલા પી.એસ.એ. પ્લાન્ટના લોકાર્પણ પ્રસંગે રાજયના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે કોરોના વાઈરસનું આક્રમણ દેશ પર થયું ત્યારે સમગ્ર દેશના મોટાભાગના નાગરિકો માસ્ક, સેનિટાઈઝર જેવી અનેક વપરાશની વસ્તુથી અજાણ હતા. લોકડાઉન દરમ્યાન કોઈપણ વ્યક્તિ ભુખ્યો ન સૂવે તેની ચિંતા દેશના વડાપ્રધાને કરી હતી.

કોરોના વાઈરસને નાથવા પ્રથમ હરોળના કોરોના વોરિયર્સ એવા ડાંકટર, નર્સો અને પેરામેડિકલ સ્ટાફે જે ફરજ અદા કરી છે તે ઘણી પ્રશંસનીય છે, તેવું કહી મંત્રીએ આ તમામ કોરોના વોરિયર્સને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ઉમેર્યુ હતું કે આપણે સૌ ઈચ્છીએ છીએ કે કોરોનાની ત્રીજી લહેર ન આવે પણ જો આવી જાય તો તેની સામે લડવા સરકારે સુચારૂ આયોજન કર્યુ છે. સરકાર દ્વારા ૪૦ હજારથી વધુ ઓક્સિજનની



સુવિધા ધરાવતા બેડ સહિત અન્ય મેડિકલ સુવિધાનું સુચારૂ આયોજન કર્યુ છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને ગુજરાતના મુખ્યમંત્રી તરીકેની શાસનધુરા સંભાળ્યાને આજે ૨૦ વર્ષ પૂર્ણ થવા બદલ તેમને અભિનંદન પાઠવી મંત્રીએ જણાવ્યું હતુ કે કોઈપણ માણસની લોકચાહના પહેલથી હોતી નથી. પરંતુ તેના કાર્ય થકી જ તેની લોકચાહના વધે છે. તેવું કહી વડાપ્રધાને ગુજરાત રાજય-દેશના વિકાસ માટે કેવા ઉમદા કાર્ય કર્યા છે તેની વિસ્તૃત વાત તેમની આગવી શૈલીમાં કરી હતી.

આજરોજ માણસા જનરલ હોસ્પિટલ ખાતેના ૫૦૦ એલ.પી.એમ. ક્ષમતા પી.એસ.એ. ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ મંત્રી અને મહાનુભાવોના હસ્તે કરાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં રાજયમાં ૫૮ આવા પ્લાન્ટ કાર્યરત છે. મહાનુભાવોના હસ્તે કોરોના વોરિયર્સનું શાલ ઓઢાડી અને સન્માન પત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે માણસા જનરલ હોસ્પિટલના અધિક્ષક ડાં. કાનમ શુકલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને આ પ્લાન્ટથી હોસ્પિટલને શું ફાયદો થશે તેની વાત કરી હતી.

આ પ્રસંગે મહેસાણાના સાસંદ શારદાબેન પટેલ, માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી, જિલ્લા ભાજપ પ્રમુખ અનિલભાઈ પટેલ, જિલ્લા કલેકટર ડાં.કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમ સહિત આમંત્રિત મહાનુભાવો અને હોસ્પિટલનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.